# જાહેરનામું

**પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/૪૯ /૨૦૧૬, તા.૫ /૦૭/૨૦૧૬**

હું, શિવાનંદ ઝા IPS, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ (૧૯૫૧ ના કાયદા નંબર ૨૨) ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૯૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત તા.૦૭/૦૭/૨૦૧૬ થી તા.૩૧/૧૨/૨૦૧૭ સુધી ટ્રાફીક સુચારુ રીતે ચાલે અને ટ્રાફીકની કોઇ સમસ્યા ઉદભવે નહી તે હેતુસર નીચે મુજબનો રસ્તો બંધ કરવા/ડાયવર્ઝન કરવા નીચે મુજબનો હુકમ કરૂ છું.

**હુકમ :-**

અમદાવાદ શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત તા.૦૭/૦૭/૨૦૧૬ થી તા.૩૧/૧૨/૨૦૧૭ સુધી નીચે પ્રમાણેનો રસ્તો વાહન વ્યવહાર માટે બંધ રહેશે.

(૧) એ.ઇ.સી. સર્કલ ટ્રાફીક ચોકી આગળથી ચિમનભાઇ બ્રીજનાં સમાંતર કેશવનગર તરફ જતો રસ્તો ચિમનભાઇ બ્રીજનાં મધ્યે નીચેના ભાગ સુધીનો ડાબી બાજુનો ૯ મીટર રસ્તો વાહન વ્યવહાર માટે બંધ રહેશે. તેમજ આ રસ્તો ભારે વાહનો માટે પણ પ્રતિબંધિત રહેશે. ચિમનભાઇ બ્રીજનાં છેડે એ.ઇ.સી. સર્કલ થી કેશવનગર બ્રીજની નીચે ફાટક તરફ જઇ શકાશે નહિ. ચિમનભાઇ બ્રીજની નીચેથી ફાટક તરફથી એ.ઇ.સી. તરફ એક જ દિશામાં જઇ શકાશે.

**વૈકલ્પિક રુટ : એ.ઇ.સી. સર્કલ થી ચિમનભાઇ પટેલ બ્રીજ ઉપર થઇ સુભાષબ્રીજ સર્કલ થી ડાબી તરફ વળી રેલ્વે ફાટક તરફ જઇ શકાશે.**

(૨) સાબરમતી જનપથ હોટલ ટી થી રશ્મિ એપાર્ટમેન્ટ BRTS બસ સ્ટેન્ડ સુધીનો ડાબી બાજુ તરફનો ૯ – મીટર પહોળાઇનો સાયકલ ટ્રેક સાથેનો સર્વિસ રોડ વાહન વ્યવહાર માટે બંધ રહેશે.

**વૈકલ્પિક રુટ : જનપથ હોટલ ટી થી રશ્મિ એપાર્ટમેન્ટ તરફ મુખ્ય રોડ ઉપરથી જઇ શકાશે.**

આ જાહેરનામુ ફાયરબ્રિગેડ, એમ્બ્યુલન્સ સેવાઓ તથા સરકારી વાહનોને કામગીરી દરમ્યાન લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો અમલ તા.૦૭/૦૭/૨૦૧૬ થી તા.૩૧/૧૨/૨૦૧૭ સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાનો અમલ કરાવવાની સત્તા અમદાવાદ શહેર પોલીસ દળમાં ફરજ બજાવતાં પોલીસ કોન્સ્ટેબલ તેમજ તેનાથી ઉપરની કક્ષાના તમામ પોલીસ કર્મચારીઓ અને પોલીસ અધિકારીઓની પાસે રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તા.૫ /૦૭/૨૦૧૬ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

City Commissioner of Police * Ahmedabad *

તા.૫ /૦૭/૨૦૧૬
અમદાવાદ શહેર

**(શિવાનંદ ઝા)**
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

નકલ સવિનય રવાના :

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા

૨/- ગુજરાત ગર્વમેન્ટ ગેજેટ પ્રસિધ્ધ કરવા સારૂ.

(૨) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.

(૩) પોલીસ મહનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન,ગાંધીનગર.

(૪) કલેકટરશ્રી,જીલ્લા કલેકટરની કચેરી, ઘી કાંટા, અમદાવાદ શહેર.

(૫) અમદાવાદ રજીસ્ટ્રારશ્રી હાઈકોર્ટ, (૫ નકલ)

રજીસ્ટ્રારશ્રી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર. (૫ નકલ)

રજીસ્ટ્રારશ્રી સેશન્સ કોર્ટ , અમદાવાદ શહેર (૫ નકલ)

ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી અમદાવાદ શહેર. (૫ નકલ)

(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.

(૭) પબ્લીક પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર

(૮) સીનીયર પોલીસ પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર

(૯) માહિતી નિયામકશ્રી સચિવાલય,ગાંધીનગર (૨ નકલ)

૨/- જાણ સારૂ અને દૈનિક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા સારૂ.

<u>નકલ રવાના :-</u>

(૧) સંયુકત પોલીસ કમિશ્નરશ્રી,સેકટર-૧ અને ૨, ટ્રાફીક તથા મુખ્ય મથક , વિશેષ શાખા,વહીવટ, અમદાવાદ

(૨) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.

(૩) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ અમદાવાદ શહેર.

(૪) જનસંપર્ક અધિકારીશ્રી કંટ્રોલ રૂમ,અમદાવાદ શહેર

૨/- જાણ સારૂ દૈનિક પત્રોમાં દુરદર્શન, આકાશવાણી ઉપર પ્રસિધ્ધ કરવા સારુ.

(૫) તમામ પોલીસ ઈન્સ્પેકટરશ્રીઓ........................................ અમદાવાદ શહેર

૨/- જાણ સારૂ તેમજ પો.સ્ટે. વિસ્તારમાં જાહેરાત માટે અને સખત અમલ થાય તેની તકેદારી રાખવા સારૂ.

(૬) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, ટ્રાફીક બ્રાન્ચ,અમદાવાદ શહેર (૮ નકલ)

૨/- ટ્રાફીક મોબાઈલ વાન મારફતે જાહેરનામાની જાહેરાત કરવા સારૂ.

(૭) વિભાગીય નિયામકશ્રી, G.S.R.T.C., ગીતામંદીર, આસ્ટોડીયા દરવાજા પાસે, અમદાવાદ શહેર

(૮) જનરલ મેનેજરશ્રી,B.R.T.S.,જનમાર્ગ લિ., મધ્ય ઝોનની કચેરી, અ.મ્યુ.કો., ઉસ્માનપુરા ચાર રસ્તા પાસે, અમદાવાદ શહેર

(૯) ડાયરેકટરશ્રી, A.M.T.S., અમદાવાદ મ્યુનિ.ટ્રાન્સપોર્ટ સર્વિસ, અ.મ્યુ.કો., અમદાવાદ શહેર